# વિશ્વંભરી અખિલ વિશ્વ

વિશ્વંભરી અખિલ વિશ્વ તણી જનેતા, વિદ્યાધરી વદનમાં વસજો વિધાતા;

દુર્બુદ્ધિ દૂર કરીને સદબુદ્ધિ આપો  મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો.

Vishvambhari akhil vishwa tani janeta,
Vidhya dhari vadan ma vasajo vidhata;
Dur-budhhi ne door kari sad-buddhi apo,
Maam paahi Om Bhagavati Bhava-dukha kapo.

ભૂલો પડી ભવરણે ભટકું ભવાનિ, સુઝે નહિ લગીર કોઇ દિશા જવાની;

ભાસે ભયંકર વળી મનના ઉતાપો, મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો.

Bhulo padi bhava-rane bhataku Bhavani,
Sujhe nahi lagir koi disha javani;
Bhaase bhayankar vali man na utapo,
Maam paahi Om Bhagavati Bhava-dukha kapo.

આ રંકને ઉગરવા નથી કોઇ આરો, જન્માંધ છું જનની હું ગ્રહી બાંહ્ય તારો,

ના શું સુણો ભગવતી શિશુના વિલાપો, મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો.

Aa rankne ugarava nathi koi aaro,
Janmaandh chhu Janani hu grahi baah taro;
Naa shu suno Bhagawati shishu naa vilaapo,
Maam paahi Om Bhagavati Bhava-dukha kapo.

મા કર્મ જન્મ કથની કરતાં વિચારું, આ સૃષ્ટિમાં તુજ વિના નથી કોઇ મારું,

કોને કહું કઠિન યુગ તણો બળાપો, મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો.

Maa karma janma kathni karta vicharu,
Aa shrushti ma tuj vina nathi koi maru;
Kone kahu kathin yog tano balaapo,
Maam paahi Om Bhagavati Bhava-dukha kapo.

હું કામ ક્રોધ મદ મોહ થકી છકેલો, આડંબરે અતિ ઘણો મદથી બકેલો,

દોષો થકી દુષિતના કરી માફ પાપો, મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો.

Hoon kaam, krodh, mad-moh thaki chhakelo,
Aadambare ati ghano mad thi bakelo;
dosho thaki dushit na kari maaf paapo,
Maam paahi Om Bhagavati Bhava-dukha kapo.

ના શાશ્ત્રના શ્રવણનું પયપાન પીધું, હા મંત્ર કે સ્તુતિ કથા નથી કાંઇ કીધું,

શ્રદ્ધા ધરી નથી કર્યા તવ નામ જાપો, મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો.

Naa shashtra na shravan nu paipaan kidhu,
naa mantra ke stuti katha nathi kai kidhu;
Shradhha dhari nathi karya tav naam jaapo,
Maam paahi Om Bhagavati Bhava-dukha kapo.

રે રે ભવાનિ બહુ ભૂલ થઇ જ મારી, આ જિંદગી થઇ મને અતિશે અકારી,

દોષો પ્રજાળી સઘળાં તવ છાપ છાપો, મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો.

Re re Bhavani bahu bhool thayi ja mari,
Aa jindagi thai mane atishe akaari;
Dosho prajaali saghala tava chhaap chhapo,
Maam paahi Om Bhagavati Bhava-dukha kapo.

ખાલી ન કાંઇ સ્થળ છે વિણ આપ ધારો, બ્રહ્માંડમાં અણું અણું મહીં વાસ તારો,

શક્તિ ન માપ ગણવા અગણિત માપો, મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો.

Khaali na koi sthal chhe vina aap dharo,
Bhrahmand ma anu-anu  mahi vaas taro;
Shakti na maap ganava aganita maapo,
Maam paahi Om Bhagavati Bhava-dukha kapo.

પાપે પ્રપંચ કરવા બધી વાતે પૂરો, ખોટો ખરો ભગવતી પણ હું તમારો,

જાડ્યાંધકાર કરી દૂર સુબુદ્ધિ આપો, મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો.

Paape prapanch karva badhi vaate puro,
Khoto kharo Bhagvati pan hu tamaro;

Jadyandhakaar kari door sad-budhhi aapo,
Maam paahi Om Bhagavati Bhava-dukha kapo.

શીખ સુણે રસિક છંદ જ એક ચિત્તે, તેને થકી ત્રિવિધ તાપ ટળે ખચિત્તે,

વાઘે વિશેષ વળી અંબ તણા પ્રતાપો, મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો.

Sheekhe sune Rasik Chhanda ja ekk chitte,
Tena thaki trividh taap tale khachitte;
Vaghe vishesh vali Amba tana prataapo,
Maam paahi Om Bhagavati Bhava-dukha kapo.

શ્રી સદગુરુ શરણમાં રહીને યજું છું, રાત્રિદિને ભગવતી તુજને ભજું છું,

સદભક્ત સેવકતણા પરિતાપ ચાપો, મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો.

Shri sad-guru sharan ma rahine bhaju chhu,
Raatri dine Bhagvati tujne bhaju chhu;
Sad-bhakt sevak tana paritaap chaapo,
Maam paahi Om Bhagavati Bhava-dukha kapo.

અંતર વિષે અધિક ઉર્મિ થતાં ભવાનિ, ગાઉં સ્તુતિ તવ બળે નમીને મૃડાણી,

સંસારના સકળ રોગ સમૂળ કાપો, મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો.

Antar vishe adhik urmi thata Bhavani,
Gaun stuti tava bale namine mrudaani;
Sansaar na sakal rog samoola kapo,
Maam paahi Om Bhagavati Bhava-dukha kapo.